

# આપણી વાત

■ સંકલન : પ્રફુલ્લ રાવલ

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા યોજાતા 'આપણો સાહિત્યવારસો' કાર્યક્રમ અંતર્ગત નર્મદ સાહિત્યસભા, સુરતના સહયોગથી સુરતમાં. તા. ૧૨-૧૨-૨૦૧૫, શનિવારના રોજ સાંજે ૬-૦૦ કલાકે કવિશ્રી નયન હ. દેસાઈએ પોતાનાં કાવ્યોનો આસ્વાદ કરાવ્યો હતો. જેમાં જનક નાયકે સોનું સ્વાગત કરીને ભૂમિકા બાંધી આપી હતી. અને શ્રી રવીન્દ્ર પારેખે નયન હ. દેસાઈનો પરિચય કરાવ્યો હતો.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને લાયન્સ ક્લબ, વલસાડ તથા સંસ્કાર મિલન, વલસાડના સંયુક્ત ઉપક્રમે ઉશનસ્ વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી મીનળ દવેએ 'સ્વતંત્રતા પૂર્વેની આત્મકથાઓમાં ઊપસતું સમાજજીવન' વિષય પર વક્તવ્ય તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ સાંજે ૪-૦૦ કલાકે લાયન્સ હૉલ, જવાહરનગર સોસાયટી, વલસાડમાં આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ અને શિશુવિહાર, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે શ્રી યશવંત પંડ્યા વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી પ્રવીણ પંડ્યાએ 'ધ સ્પોક્સ પર્સન્સ' વિષય પર તા. ૨૩-૧૨-૨૦૧૫ના રોજ શિશુવિહાર, ભાવનગરમાં વક્તવ્ય આપ્યું હતું.

## સાહિત્યવૃત્ત

### સાહિત્ય અકાદેની એવોર્ડ

સાહિત્ય અકાદેમી, દિલ્હી દ્વારા ૨૦૧૫ના વર્ષ માટે એવૉર્ડ નિબંધ સંગ્રહ 'અંતે આરંભ' (ભાગ-૧, ૨) માટે શ્રી રસિક શાહને મળે છે.

### નરસિંહ મહેતા એવોર્ડ

૨૦૧૫ના વર્ષનો નરસિંહ મહેતા એવૉર્ડ કવિશ્રી મનોહર ત્રિવેદીને મોરારિબાપુના હસ્તે એનાયત થયો.

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તા. ૨૭ નવેમ્બર, ૨૦૧૫, શુક્રવારે સાંજે ૫-૦૦ કલાકે, ગોવર્ધન સ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ ખાતે, કવિ, વાર્તાકાર, બાળસાહિત્યકાર રમેશ મોહનલાલ પારેખના ૭૬મા જન્મદિન પ્રસંગે,

પૂ. મોરારિબાપુની પ્રસન્નતા અને શુભકામના સાથે વ્યાખ્યાન 'સાત રંગના સરનામે'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 'રમેશ પારેખની વાર્તાકળા' વિશે નિસર્ગ આહીરે અને 'રમેશ પારેખની નાટ્યકલા' વિશે સતીષ વ્યાસે તથા 'રમેશ પારેખની કાવ્યકલા' વિશે નીતિન વડગામાએ વક્તવ્યો આપ્યાં હતાં.

'વિચારવર્તુળ' - ધ્રાંગધ્રા દ્વારા તા. ૧૯-૧૧-૨૦૧૫ના રોજ હવેલી સંગીતના પ્રણેતા સંગીતાચાર્ય શ્રી ભગવતીપ્રસાદ ભટ્ટ જન્મશતાબ્દી વર્ષ પ્રસંગે તેમના જીવન અને સંગીત ક. લા. વિશે શ્રી સૂર્યકાન્ત સી. દવેએ લખેલ 'શતાબ્દી સ્મૃતિ વંદના' પુસ્તકનું વિમોચન શ્રી રઘુનાથ ગોસ્વામીએ અને શ્રી મિત એમ. દવેના પુસ્તક મારી 'સંકલ્પયાત્રા, મારી અમરનાથયાત્રા'નું વિમોચન શ્રી જયેશ એચ. પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગુજરાતના નામાંકિત રચનાત્મક કાર્યકર, વિદ્વાન સાહિત્યકાર અને જાણીતા પ્રગતિશીલ વિચારક રોટેરિયન ડૉ. અતુલભાઈ પાઠકજીએ લખેલ પુસ્તક 'સોવિયેત-સોવિયેત'ની ''કે. પી. એસ. મેનન નૅશનલ એવૉર્ડ ફૉર પોલિટિકલ લિટરેચર'' માટે પસંદગી કરવામાં આવી છે.

સંસ્કારનગરી – વડોદરામાં ઊજવાયો સાહિત્યકાર સતીશ ડણાકનો અમૃત મહોત્સવ. જેમાં પ્રસંગને અનુરૂપ સતીશ ડણાક વિશેના ૬૫ જેટલા અભ્યાસલેખોના અભિવાદનગ્રંથ 'શબ્દે શબ્દે પીગળ્યા' સમગ્ર કવિતાનો સંચય 'સિગ્નેચર' અને 'સતીશ ડણાક : વ્યક્તિતા અને સર્જકતા' જેવા પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. અને સતીશભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.